OVERLAKE
MEDICAL CENTER AND CLINICS

# ઓવરલેક હૉસ્પિટલ મેડિકલ સેન્ટર

## ચેરિટી કેઅર/આર્થિક સહાયતા નીતિ

### જાન્યુઆરી 1, 2018થી લાગુ

## હેતુ

ઓવરલેક હૉસ્પિટલ મેડિકલ સેન્ટર (OHMC) અને ઓવરલેક મૅડિકલ ક્લિનિક્સ (OMC) તબીબી રીતે જરૂરી સ્વાસ્થ્યસંભાળ સેવાઓ માટે બધા વ્યક્તિઓની આવી સેવાઓ માટે ચૂકવણી કરવાની ક્ષમતાને ધ્યાને લીધા વિના તે માટેની જોગવાઈ કરવા પ્રતિબદ્ધ છે. કાર્યવિધિઓની અખંડિતતાનું રક્ષણ કરવા માટે અને આ પ્રતિબદ્ધતા પૂરી કરવા માટે વૉશિંગ્ટન વહીવટી સંહિતા, પ્રકરણ 246-453ની જરૂરિયાતો સાથે સુસંગત હોય તે રીતે ચૅરિટી કેઅર/આર્થિક સહાયતાની જોગવાઈ માટે નીચેના માપદંડો સ્થાપિત કરવામાં આવ્યા છે.

## જનતા સાથે સંવાદ

OHMC અને OMCની ચેરિટી કેર/આર્થિક સહાયતા નીતિ નીચેના તત્વો દ્વારા સાર્વજનિક રીતે ઉપલબ્ધ બનાવવામાં આવશે:

A. OHMC અને OMC ચેરિટી કેઅર/આર્થિક સહાયતા પૂરી પાડે છે તેવી નોટિસ હૉસ્પિટલ અને ક્લિનિક્સની મહત્ત્વની જગ્યાઓ પર દર્શાવવામાં આવશે જેમાં દર્દીને દાખલ કરવાના સ્થાનો, ઈમર્જન્સી વિભાગ અને OMC તાકીદની સંભાળના કેન્દ્રોનો પણ સમાવેશ થાય છે. આ નીતિની નકલ Overlakehospital.org વેબસાઈટ પર પણ હશે.

B. OHMC અને OMC એક સાથે લેખિત નોટિસ ઉપલબ્ધ કરાવશે જે ચોપાનિયાના સ્વરૂપમાં સેવાના સમયે દર્દીઓને નીતિ વિશે સૂચના આપશે. આ લેખિત માહિતી આ સમયે મૌખિક પણ સમજાવવામાં આવશે. જો કોઈ કારણસર, દાખલા તરીકે કટોકટીની સ્થિતિમાં, દર્દી સારવાર મેળવે તે પહેલાં ચેરિટી કેઅર/આર્થિક સહાયતાની વ્યવસ્થા વિશે તેમને જાણ કરવામાં આવી ન હોય તો તેમને ત્યારબાદ શક્ય તેટલી જલ્દી જાણ કરવામાં આવશે.

C. OHMC અને OMCના પ્રાથમિક સેવા ક્ષેત્રમાં 1000થી વધુ લોકો દ્વારા બોલાતી ભાષામાં લેખિત માહિતી અને મૌખિક સમજૂતી એ બંને ઉપલબ્ધ હશે અને અંગ્રેજી ન બોલતા અથવા મર્યાદિત અંગ્રેજી બોલતા દર્દીઓ માટે અને જેઓ લેખિત માહિતી અને/અથવા સમજૂતી સમજી ન શકે તેવા અન્ય દર્દીઓ માટે તેનું અર્થઘટન કરવામાં આવશે.

D. OHMC અને OMC ચેરિટી કેઅર/આર્થિક સહાયતાના પ્રશ્નોના અસરકારક જવાબો આપવા માટે પ્રથમ હરોળના સ્ટાફને તાલીમ આપશે અથવા આવી પૂછપરછ સમયસર યોગ્ય વિભાગને મોકલી આપશે.

E. OHMC અને OMCની ચેરિટી કેઅર/આર્થિક સહાયતા નીતિ વિશેની લેખિત માહિતી માટે વિનંતી કરનાર દરેક વ્યક્તિને આ માહિતી ટપાલ દ્વારા, ઈલેક્ટ્રોનિક રીતે, ટેલિફોનથી કે રૂબરૂમાં આપવામાં આવશે.

## યોગ્યતાનો માપદંડ

ચેરિટી કેર/આર્થિક સહાયતા એ દર્દીને ઉપલબ્ધ તમામ અન્ય આર્થિક સંસાધનોની અપેક્ષા ગૌણ છે, જેમાં સામૂહિક અથવા વ્યક્તિગત તબીબી પ્લાન, કામદારનું વળતર, મેડિકેર, મેડિકેઈડ અથવા તબીબી સહાયતા કાર્યક્રમો, અન્ય રાજ્ય, ફેડરલ અથવા લશ્કરી કાર્યક્રમો અથવા જેમાં તબીબી સેવાઓ માટે ચૂકવણી કરવાની અન્ય વ્યક્તિ કે સંસ્થાની કાનૂની જવાબદારી હોઈ શકે તેવી અન્ય કોઈપણ સ્થિતિનો સમાવેશ થાય છે, પરંતુ તે તેના પૂરતાં જ મર્યાદિત નથી. તબીબી રીતે ગરીબ દર્દીને જાતિ, રાષ્ટ્રીય મૂળ અથવા ઈમિગ્રેશનના દરજ્જા સાથે કોઈ સંબંધ વિના ચેરિટી કેઅર/આર્થિક સહાયતા મંજૂર કરવામાં આવશે.

જ્યાં યોગ્ય પ્રાથમિક ચૂકવણી સ્રોતો ઉપલબ્ધ ન હોય અથવા અન્ય સ્રોતોમાંથી ચૂકવણી બાદના બેલેન્સની સ્થિતિઓમાં નીચેના માપદંડોના આધારે OHMC અને OMCની નીતિ હેઠળ ચેરિટી કેઅર/આર્થિક સહાયતા માટે દર્દીઓની વિચારણા કરવામાં આવશે:

OVERLAKE
MEDICAL CENTER AND CLINICS

A. WAC 246-453-040 અને WAC 246-453-050ની જરૂરિયાતો, અને IRS 501Rની જરૂરિયાતો પૂરી કરવા માટે OHMC અને OMCએ નીચેનું મોડલ અપનાવ્યું છે:

1. OHMC અને OMCના ચાર્જની પૂરી રકમ એવા દર્દી માટે ચેરિટી કેઅર/આર્થિક સહાયતા તરીકે નક્કી કરવામાં આવશે જેમની કુલ કૌટુંબિક આવક હાલના ફેડરલ ગરીબી સ્તરના 200% પર અથવા તેનાથી ઓછી હોય.
2. હાલના ફેડરલ ગરીબી સ્તરના 201% અને 400%ની વચ્ચે જેમની આવક હોય તેવા દર્દીઓ માટે કેટલી રકમ માંડવાળ કરવામાં આવશે તે નક્કી કરવા માટે પરિસ્થિતિ પ્રમાણે બદલાતી ફીનાં નીચેના સમયપત્રકનો ઉપયોગ કરવામાં આવશે. જન્મ, લગ્ન અથવા દત્તક લેવાની ક્રિયા દ્વારા એકબીજા સાથે સંબંધિત બે કે વધુ વ્યક્તિઓનો સમૂહ કે જે સાથે રહે છે એ કુટુંબની વ્યાખ્યા છે; આવી બધી જોડાયેલી વ્યક્તિઓ એક જ કુટુંબના સભ્યો કહેવાય છે.
3. બધાડિસ્કાઉન્ટ, કપાતોઅનેપુન:વળતરલાગુકર્યાબાદવ્યક્તિવ્યક્તિગતરીતેજેરકમચૂકવવાજવાબદારછે (વીમાઅનેહૉસ્પિટલસુવિધાનીઆર્થિકસહાયતાનીનિતિમાંથીહોયતેસહિતકેજેઆવીસંભાળઆવરીલેતોવીમોધરાવતીવ્યક્તિઓનેઆપવામાંઆવતાસામાન્યરકમનાબિલનીરકમો ("AGB") કરતાવધારેનહીંહોય. OHMC અને OMCએમેડિકેરસેવાશુલ્કસાથેનાદાવાઅને AGB ણક્કીકરવામાટેહૉસ્પિટલનેદાવાચૂકવતીખાનગીસ્વાસ્થ્યવીમાકંપનીઓનામિશ્રણનાઆધારે 12 મહિનાનીલૂક-બેકપદ્ધતિનોઉપયોગકરવાનુંપસંદકર્યુંછે.
4. પરિસ્થિતિ પ્રમાણે બદલાતી ફીના સમયપત્રકને લાગુ કર્યા બાદ જવાબદાર પક્ષકારની કોઇપણ નાણાકીય જવાબદારી બાકી રહે તો તે સેલ્ફ પે ફૉલો અપ પૉલિસી મુજબ વ્યાજબી સમયગાળામાં માસિક હપ્તાઓમાં ચૂકવવાપાત્ર રહેશે. ચૂકવણીઓ ચૂકી જવાય અથવા ખાતામાં થોડો સમય માટે નિષ્ક્રિયતાનો સમયગાળો આવ્યો હોય અને દર્દી સાથે કોઇ સંતોષકારક સંપર્ક ન હોય તે સિવાય જવાબદાર પક્ષકારનું ખાતું વસૂલી એજંસીને ક્યારેય આપવામાં આવશે નહીં.

- નોંધ: વેતન અને પગાર, કલ્યાણ ચૂકવણીઓ, સોશલ સિક્યોરિટી ચૂકવણીઓ, હડતાળના લાભો, બેરોજગાર અથવા અપંગતા લાભો, બાળ સહાય, ભથ્થું, અને વ્યાપાર તથા રોકાણ પ્રવૃત્તિઓમાંથી ચોખ્ખી આવકમાંથી તારવેલા કરવેરા અગાઉની કુલ રોકડ રસીદો [શું રોકાણની આવક ચેરિટીની અરજી પર છે? જો ના તો શું તે બહાર આવવું જોઈએ?] કે જે વ્યક્તિને ચૂકવવામાં આવે છે તે આવકની વ્યાખ્યા છે.

## ચ્ેરિટી/આર્થિક સહાયતા ટકાવારી ડિસ્કાઉન્ટ

| | દર્દી જવાબદારી રકમ<br>ડિસ્કાઉન્ટની ટકાવારી (%) | | | | | |
|---|---|---|---|---|---|---|
| FPLની % | $0-$2,500 | $ 2,501-$ 5,000 | $ 5,001-$ 10,000 | $ 10,001-$ 25,000 | $ 25,001-$ 50,000 | $50,001 અને વધારે |
| 0-200% | 100% | 100% | 100% | 100% | 100% | 100% |
| 201-300% | 85% | 90% | 95% | 96% | 97% | નોંધ A |
| 301-400% | 65% | 70% | 75% | 80% | 85% | નોંધ B |

નોંધ A: 98% ચેરિટી/આર્થિક સહાયતા કે જે ચાર્જના પ્રથમ $100,000 પર લાગુ પડે છે. 100% ચેરિટી કે જે $100,000થી વધુની કોઇપણ રકમ પર લાગુ પડે છે.

નોંધ B: 90% ચેરિટી/આર્થિક સહાયતા કે જે ચાર્જના પ્રથમ $100,000 પર લાગુ પડે છે. 100% ચેરિટી કે જે $100,000થી વધુની કોઇપણ રકમ પર લાગુ પડે છે.

B. એવા ખાતાઓ કે જે માટે અમારી પાસે આવકના સ્તરનું ચોકકસાઈપૂર્વક  આંકલન કરવાની પૂરતી માહિતી છે તે  માટે, જો દર્દી ફેડરલ ગરીબી રેખાના 200% નીચે જતો હશે તો, OHMC અને OMC નિર્ણય કરશે. જો આમ હશે તો, અમારે શક્ય DSHS કવરેજ માટે ખાતાની તપાસ કરવી પડશે  અને એવા ખાતાઓ  કે જે DSHSની જરૂરિયાતો ન સંતોષતા હોય તેની પુરાંત  સંભવત: માંડી વાળવામાં આવશે.

C. OHMC અને OMC કેટાસ્ટ્રૉફિક ચેરિટી આપી શકે છે, જેનો અર્થ એ છે કે OHMC અને OMC ફેડરલ ગરીબી રેખાના 200%થી વધારે કૌટુંબિક આવક ધરાવતા દર્દીઓ માટે ચેરિટી કેઅર/આર્થિક સહાયતાની રકમો માંડવાળ કરી શકે છે, જ્યારે સંજોગો એવી આર્થિક હાડમારી અથવા અંગત હાનિ સૂચવતા હોય જે ઉપર આપેલી રૂપરેખા પ્રમાણે ચેરિટી કેઅર/આર્થિક સહાયતાના ડિસ્કાઉન્ટથી પણ ઉપર જતા હોય. આ કિસ્સાઓમાં દર્દીઓએ આપત્તિજનક સ્થિતિની વિગતો સાથે વધુ સમીક્ષા માટે લેખિત વિનંતી સુપ્રત કરવી જોઈએ. OHMC અને OMCના આર્થિક સંસાધનો ખરીદવાની/તેનો ઉપયોગ કરવાની સત્તા માટેની પરવાનગી વિશેની અન્ય પ્રવર્તમાન નીતિઓ મુજબ કેટાસ્ટ્રૉફિક ચેરિટી અને માંડવાળ કરવાની રકમ અંગેનો નિર્ણય OHMC અને OMCની પ્રાઈસિંગ કમિટિને હસ્તક રહેશે.

D. OHMC અને OMCs દ્વારા ચેરિટી કેઅર/આર્થિક સહાયતા માટેની જોગવાઈ OHMC અને OMC દ્વારા સેવા મેળવતા સમાજના લાભ માટે છે અને આમ પણ જેઓ વૉશિંગ્ટન રાજ્યના રહીશો ન હોય તેવા દર્દીઓ માત્ર ઈમર્જન્સી વિભાગમાં પૂરી પાડવામાં આવતી સેવાઓ માટે જ અથવા ઈમર્જન્સી વિભાગમાં સીધા પ્રવેશના પરિણામે મળતી સેવાઓ માટે જ લાયક હશે.  વધુમાં, આ સેવાઓ OHMC અને OMCના ઈમર્જન્સી વિભાગના ફિઝિશિયન દ્વારા તબીબી કટોકટી હોવાનું નક્કી થયેલું હોવું જોઈએ.

E. વૉશિંગ્ટન રાજ્ય રહેઠાણની જરૂરિયાતમાં જે અપવાદો હોય તેમાં શરણાર્થીઓ, આશ્રિતો અને જેઓ આશ્રય ઈચ્છતા હોય તથા INS દસ્તાવેજો ધરાવતા હોય અને તે રજૂ કરી શકતા હોય તેવા લોકોનો પણ સમાવેશ થશે.

F. અરજી મંજૂર થયાની તારીખ બાદ 180 દિવસોની અંદર મળેલી સેવાઓ માટે પૂરી થયેલી અરજી પર યોગ્યતા માન્ય છે.

## યોગ્યતા નક્કી કરવા માટેની પ્રક્રિયા

A. પ્રારંભિક નિર્ધારણ:

1. OHMC અને OMC ચેરિટી કેઅર/આર્થિક સહાયતા માટેની યોગ્યતા નક્કી કરવા માટેની અરજી પ્રક્રિયાનો ઉપયોગ કરશે. ચેરિટી કેઅર/આર્થિક સહાયતા પૂરી પાડવા માટેની વિનંતીઓ ફિઝિશિયન્સ, સામાજીક/ધાર્મિક સમૂહો, સામાજીક સેવાઓ, આર્થિક સેવા સ્ટાફ, દર્દીના કુટુંબ અને દર્દી તરફથી સ્વીકારવામાં આવશે.

2. દર્દીની નોંધણી પ્રક્રિયા દરમિયાન અથવા ચેરિટી કેઅર/આર્થિક સહાયતાના અસ્તિત્વ અને પ્રાપ્યતા વિશે દર્દીને જાણ કરવામાં આવ્યા બાદ કોઈપણ સમયે OHMC અને OMC ચેરિટી કેઅર/આર્થિક સહાયતા માટે મૌખિક અથવા લેખિત અરજીના આધારે યોગ્યતા પ્રારંભિક રીતે નક્કી કરશે.

3. આખરી યોગ્યતા નિર્ધારણની પ્રક્રિયા પૂરી ન થાય ત્યાં સુધી, OHMC અને OMC વસૂલીના પ્રયત્નો શરૂ નહીં કરે અથવા ડિપોઝિટ્સની વિનંતી નહીં કરે, એ શરતે કે વળતર ન મળ્યું હોય તેવી સંભાળના દરજ્જાના આખરી નિર્ધારણ સુધી પહોંચવાના OHMC અને OMCના પ્રત્યત્નોમાં જવાબદાર પક્ષકાર સહકાર આપે.

4. જો OHMC અને OMCને એવા પરિબળોની જાણ થાય કે જેનાથી દર્દી આ નીતિ હેઠળ ચેરિટી કેઅર/આર્થિક સહાયતા માટે લાયક સાબિત થઈ શકે તો તે દર્દીને આ સંભાવના અંગે જાણ કરશે અને એવો પ્રારંભિક નિર્ણય લેશે કે આ ખાતા સાથે ચેરિટી કેઅર/આર્થિક સહાયતા તરીકેનો વ્યવહાર કરવામાં આવે.

5. કવરેજ નક્કી કરવાની પ્રક્રિયા સેવાઓ આપવામાં આવી હોય તે સમયે આર્થિક જરૂરિયાત પર આધાર રાખશે.

B. આખરી નિર્ણય:

1. પ્રથમ દૃષ્ટિએ માંડવાળ. ગરીબ વ્યક્તિ તરીકે જવાબદાર પક્ષકારની ઓળખ હૉસ્પિટલના કર્મચારી માટે સ્પષ્ટ હોય અને હૉસ્પિટલ એવું બતાવી શકે કે અરજદારની આવક સ્પષ્ટ રીતે યોગ્યતાની મર્યાદામાં આવે છે તો તેવા કિસ્સામાં OHMC અને OMC માત્ર પોતાના પ્રારંભિક નિર્ણયના આધારે જ ચેરિટી કેઅર/આર્થિક સહાયતા મંજૂર કરી શકે છે. જ્યાં OHMC અને OMC જીવનસાથી, ઍસ્ટેટ અથવા અન્ય

સંપત્તિઓની ઓળખ ન કરી શકે ત્યાં મૃત્યુ પામેલા દર્દીઓ માટે પણ આ જ માપદંડો લાગુ પડે છે. આ કિસ્સાઓમાં WAC 246-453-030 (3) પ્રમાણે OHMC અને OMC પૂરી ખરાઈ અથવા દસ્તાવેજો પૂરા કરે તે જરૂરી હોતું નથી.

2. જ્યારે ચેરિટી કેઅર/આર્થિક સહાયતાની વિનંતી કરવામાં આવે, જ્યારે જરૂરિયાત સૂચવવામાં આવે અથવા જ્યારે આર્થિક તપાસ સંભવિત જરૂરિયાત સૂચવે ત્યારે દર્દીઓને ચેરિટી કેઅર/આર્થિક સહાયતા પત્રકો, સૂચનાઓ અને લેખિત અરજીઓ આપવામાં આવશે. દર્દી અથવા OHMC અને OMC દ્વારા શરૂ કરવામાં આવી હોય તેવી બધી અરજીઓની સાથે અરજી પત્રકમાં સૂચવેલી આવકની રકમોની ખરાઈ કરવા માટેના દસ્તાવેજો સાથે હશે.

   a. ચેરિટી કેઅર/આર્થિક સહાયતા માટેની અરજીઓ માટે પૂરી અરજી અને નીચેનામાંથી કોઈપણ એક દસ્તાવેજની જરૂર પડશે

      1. W-2 વિથહોલ્ડિંગ સ્ટેટમેન્ટ્સ;
      2. સૌથી તાજેતરની પગારની રસીદો;
      3. સૌથી તાજું ફાઈલ કરેલું આવકવેરા રિટર્ન;
      4. મેડિકેઈડ અને/અથવા સરકારી ભંડોળ સાથેની તબીબી સહાયતા માટે યોગ્યતા મંજૂર કરતા અથવા નકારતા પત્રકો;
      5. બેરોજગારી વળતર મંજૂર કરતા અથવા નકારતા પત્રકો;
      6. માલિકો અથવા કલ્યાણ એજંસીઓ તરફથી લેખિત સ્ટેટમેન્ટ્સ; અથવા

      અરજદારને જીવનનિર્વાહનો ખર્ચ આપતા હોય તેવા કુટુંબીજનો તરફથી સહાયના પત્રો.

   b. દર્દી માટે સ્વાસ્થ્યસંભાળ ક્રેડિટ રીપોર્ટના આધારે મળી શકે તેવી સંભવિત ચેરિટી માટે $15,000થી વધુના બેલેન્સની સમીક્ષા કરવામાં આવશે.

3. વિનંતીના પ્રારંભિક સમયગાળા દરમિયાન દર્દી અને OHMC તથા OMC તબીબી સહાયતા પ્રાધિકરણ અને મેડિકેઅર સહિત ભંડોળના અન્ય સ્રોતો તરફ નજર દોડાવી શકે છે. ગરીબીની અવસ્થા નક્કી કરવા માટે અરજી કરી રહેલા દર્દી બેન્ક અથવા અન્ય લોનના સ્રોતનું ભંડોળ ઈચ્છે તે OHMC અને OMC જરૂરી ન બનાવે તેમ બની શકે છે.

4. સામાન્ય રીતે, જેના માટે દસ્તાવેજોની વિનંતી કરવામાં આવે તે સંબંધિત સમયગાળો અરજીની તારીખ પૂર્વે ત્રણ મહિનાનો હશે. જોકે, જો આવા દસ્તાવેજો અરજદારની હાલની આર્થિક સ્થિતિ ચોક્કસપણે ન દર્શાવે તો દર્દીની આર્થિક સ્થિતિ બદલાયા બાદ ચોક્કસ સમયગાળા માટે જ દસ્તાવેજોની વિનંતી કરવામાં આવશે.

5. જવાબદાર પક્ષકાર ઉપર વર્ણવેલ કોઈપણ દસ્તાવેજો પૂરા પાડવા સક્ષમ ન હોય તો OHMC અને OMC ગરીબ વ્યક્તિ તરીકે વર્ગીકરણ માટેની યોગ્યતાનો આખરી નિર્ણય કરવા માટે જવાબદાર પક્ષકાર તરફથી લેખિત અને સહી કરેલા સ્ટેટમેન્ટ પર આધાર રાખશે. (WAC 246-453-030 (4)).

C. બીમારી અથવા આર્થિક હાડમારીને કારણે લાંબા સમય માટે દર્દીની ચૂકવણી કરવાની ક્ષમતા પ્રભાવિત થઈ શકે છે જેને કારણે ચેરિટી સેવાઓની જરૂર પડી શકે છે તેવું પારખીને પ્રવેશ પૂર્વે કોઈપણ સમયે OHMC અને OMC દર્દીને ચેરિટી કેઅર/આર્થિક સહાયતા માટે અરજી કરવા દેશે. જો આર્થિક સ્થિતિમાં થયેલો ફેરફાર કામચલાઉ હોય તો OHMC અને OMC ચેરિટી કેઅર/આર્થિક સહાયતા શરૂ કરવાના બદલે કામચલાઉ રીતે ચૂકવણીઓ રદ કરી શકે છે.

D. બાહ્ય પ્રદાતાઓ

ઓવરલેક ઈમેર્જિંગ અસોસિએટ્સ, પ્યુજેટ સાઉન્ડ ફિઝિશિયન્સ અને ગ્રુપ હેલ્થ ફિઝિશિયન્સ ઓવરલેક હૉસ્પિટલના વળતર રહિત સંભાળના નિર્ણયો સ્વીકારે છે અને તેમણે જે રકમ લેવાની હોય તેને લાગુ પડતા ટકાવારીના ડિસ્કાઉન્ટ પ્રમાણે દર્દીના બેલેન્સમાં ફેરફાર કરશે. OHMC ખાતે સેવાઓ પૂરી પાડવા સાથે સંબંધિત અન્ય રોજગાર રહિત તબીબી પ્રદાતાઓ ચેરિટીના નિર્ણયો સ્વીકારી શકે છે પરંતુ તેનો અમલ કરવા માટે તેઓ બંધાયેલા નથી.

E. આખરી નિર્ણય અને અપીલો માટેની સમય મર્યાદા.

1. પ્રત્યેક ચેરિટી કેઅર/આર્થિક સહાયતાના અરજદાર કે જેઓ શરૂઆતમાં ચેરિટી કેઅર/આર્થિક સહાયતા માટે લાયક હોવાનું નક્કી થયું છે તેઓ વળતર રહિત સંભાળના દરજ્જાનો આખરી નિર્ણય મેળવે તે પહેલાં તેમની ચેરિટી કેઅર/આર્થિક સહાયતાની અરજીના સમર્થનમાં દસ્તાવેજો સુરક્ષિત કરવા અને રજૂ કરવા માટે ઓછામાં ઓછા ત્રીસ (30) કેલેન્ડર દિવસો અથવા વ્યાજબીપણે જરૂરી લાગે તેટલો સમય પૂરો પાડવામાં આવશે.

2. OHMC અને OMC અરજદારને તેના આખરી નિર્ણય વિશે બધી અરજી અને દસ્તાવેજોનું સાહિત્ય મળ્યાના ચૌદ (14) દિવસોની અંદર જાણ કરશે.

3. સૂચના મળ્યાના ત્રીસ (30) દિવસની અંદર ડિરેક્ટર ઑફ રેવન્યુ સાયકલને આવક અથવા કુટુંબના કદની વધારાની ખરાઈ પૂરી પાડીને ચેરિટી કેઅર/આર્થિક સહાયતા માટે યોગ્યતાના નિર્ણય સામે દર્દી/જામીન અપીલ કરી શકે છે.
   a. અપીલનું પ્રથમ સ્તર આવકમાં આવકની સામે ઘરના કદમાં ફેરફાર બાબતે છે.
   b. અપીલનું બીજું સ્તર OHMC પ્રાઈસિંગ કમિટિની મુનસફી પર સંભાળવામાં આવશે.
   c. WAC 246-453-020 (10) પ્રમાણે ચેરિટી કેઅર/આર્થિક સહાયતા દરજ્જાના આખરી નિર્ણય પર પહોંચવાના સમયની ખરાબ ઋણથી અલગ આવકમાંથી ચેરિટી કેઅર/આર્થિક સહાયતાની કપાતોની ઓળખ પર કોઈ અસર પડશે નહીં.
   d. અપીલનાં નિર્ણયનું પરિણામ ન આવે ત્યાં સુધી વસૂલીની બધી પ્રવૃત્તિ બંધ રહેશે.

F. જો દર્દીએ તબીબી સેવાઓ માટે થોડું અથવા પૂરેપૂરું બિલ ચૂકવી દીધું હોય અને ચૂકવણી કરવાના સમયે બાદમાં તે ચેરિટી કેઅર/આર્થિક સહાયતા માટે લાયક હોવાનું માલૂમ થાય તો તે નિર્ણયના 30 દિવસની અંદર જે રકમ બાકી નીકળતી હોવાનું નક્કી થાય તે સિવાયની વધારાની કોઈપણ રકમ માટે તેને વળતર આપવામાં આવશે.

G. નકારની પર્યાપ્ત નોટિસ:

1. જ્યારે ચેરિટી કેઅર/આર્થિક સહાયતા માટે દર્દીની અરજી નકારવામાં આવે ત્યારે દર્દી નકારની લેખિત નોટિસ મેળવશે જેમાં નીચેનાનો સમાવેશ થાય છે.

   a. નકાર માટેનું કારણ(ણો) અને OHMC અને OMCના નિર્ણયને સમર્થન આપવા માટેના નિયમો;
   b. નિર્ણયની તારીખ; અને
   c. અપીલ અથવા પુન:વિચારણા માટે સૂચનાઓ.

2. જ્યારે અરજદાર વિનંતી કરેલી માહિતી પૂરી ન પાડે અને યોગ્યતા નક્કી કરવા માટે OHMC અને OMC પાસે પૂરતી માહિતી ઉપલબ્ધ ન હોય ત્યારે નકારની નોટિસમાં નીચેનાનો પણ સમાવેશ થાય છે:

   a. વિનંતી કરવામાં આવેલી અને ન પૂરી પાડવામાં આવેલી માહિતીનું વર્ણન, માહિતી માટે જે તારીખે વિનંતી કરવામાં આવી હતી તે તારીખ સહિત;
   b. OHMC અને OMCને ઉપલબ્ધ માહિતીના આધારે ચેરિટી કેઅર/આર્થિક સહાયતા માટેની યોગ્યતા સ્થાપિત ન કરી શકાય તેવું નિવેદન; અને
   c. નકારની નોટિસના ત્રીસ દિવસની અંદર અરજદાર અગાઉ વિનંતી કરવામાં આવેલ પરંતુ પૂરી ન પાડવામાં આવેલ બધી સૂચવેલી માહિતી પૂરી પાડે તો યોગ્યતા નક્કી કરવામાં આવશે.

3. પ્રાઈસિંગ કમિટિ બીજા સ્તરની તમામ અપીલોની સમીક્ષા કરશે. જો આ સમીક્ષા ચેરિટી કેઅર/આર્થિક સહાયતા માટેના અગાઉના નકારને સમર્થન આપે તો રાજ્યના કાયદા મુજબ લેખિત સૂચના દર્દી/જામીન અને સ્વાસ્થ્ય વિભાગને મોકલવામાં આવશે.

## મંજૂરીની પ્રક્રિયા

એક વખત યોગ્યતા અને રકમનો નિર્ણય લેવાઈ જાય ત્યારબાદ અરજી અને તેની સાથેની માહિતીની નીચે નોંધ્યા પ્રમાણેની યોગ્ય વ્યક્તિઓ દ્વારા ક્રમિક રીતે સમીક્ષા કરવામાં આવશે:

| | |
|---|---|
| • દર્દી આર્થિક સેવા નિરીક્ષક | $1,000 સુધી |
| • દર્દી આર્થિક સેવા મૅનેજર | $ 10,000 સુધી |
| • ડિરેક્ટર રેવન્યુ સાયકલ | $100,000 સુધી |
| • ઉપપ્રમુખ, ફાયનાન્સ | $100,000થી વધુ |

## દસ્તાવેજો અને નોંધો

A. ગુપ્તતા: અરજી વિશેની બધી માહિતી ગુપ્ત રાખવામાં આવશે. અરજીનું સમર્થન કરતા દસ્તાવેજોની નકલો અરજી પત્રકની સાથે રાખવામાં આવશે.

B. ચેરિટી કેસ સાથે સંબંધિત દસ્તાવેજો જાળવણીની નીતિ પ્રમાણે જાળવવામાં આવશે.